પરિશિષ્ટ-૨

જા.નં.વી/ટેક-૧/૨૦૧૭-૧૮/ફા.નં.૦૭/૭૦૬-૦૬/૧૭
પશુપાલન નિયામકની ક્ચેરી,
ગુજરાત રાજ્ય, કૃષિભવન, સેક્ટર ૧૦-એ,
બ્લોક-બી, ગાંધીનગર-૩૮૨૦૧૦
તાઃ-૨૭/૧૧/૨૦૧૭

પ્રતિ,
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,(વન્યજીવ)
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,
અરણ્ય ભવન, બ્લોક નંબર બી/૧, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર

વિષયઃ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨ યોજનાનો સફળતાપુર્વક અમલીકરણ કરવા માટે સહકાર આપવા બાબત.

માન સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે, ગુજરાત રાજ્યમાં પશુ આરોગ્ય માટે રાજ્યના 33 જીલ્લાઓમાં પશુઆરોગ્ય સેવાઓ જેવી કે વેટરનરી પોલીક્લીનીક, પશુદવાખાના, મોબાઈલ પશુદવાખાના અને પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો ઉપલબ્ધ છે. આ તમામ સેવાઓ ઉપરાંત રોડ ઉપર કે ગમે તે જગ્યાએ અકસ્માતથી ઇજા પામેલ અથવા અનાથ પશુ પક્ષીઓ માટે પશુ આરોગ્યની સેવાઓ ઉપલબ્ધ કરાવવાની જરુરિયાત ઉભી થયેલ છે. ઉપરાંત તહેવારો જેવા કે ઉતરાયણ, દિવાળી તેમ જ લગ્ન પ્રસંગો વખતે અનાથ પશુ પક્ષીઓ જુદા જુદા કારણોસર અકસ્માતનો ભોગ બને છે. આવા આકસ્મિક કારણોસર અનાથ પશુ પક્ષીઓને સમયસર સારવાર ન મળવાના કારણે ઘણીવાર મુત્યુ પામતા હોય છે.

ઉપરોક્ત પરિસ્થિતિ ધ્યાને લઇ, અકસ્માતનો ભોગ બનેલ ઇજાગ્રસ્ત પશુ પક્ષીઓની તથા ઇમરજન્સી કેસોની સારવાર માટે શરૂઆતના તબક્કે પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા જિલ્લામાં મહાનગરપાલિકા દીઠ ૦૨ અને મહેસાણા, બનાસકાંઠા (પાલનપુર) અને ભાવનગર શહેર માં શહેર દીઠ ૦૧ એમ કુલ ૧૧ "કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨ "ની રાજ્યના ૦૭ જિલ્લાઓમાં શરૂઆત તારીખઃ-૦૬/૧૦/૨૦૧૭થી માન. મુખ્યમંત્રીના વરદ હસ્તે GVK-EMRI સાથે PPP મોડ પર શુભારંભ કરવામાં આવેલ છે. જેના માટે હેલ્પલાઈન નંબર-૧૯૬૨ પર ફોન થતાં GVK-EMRI દ્વારા એનિમલ એમ્બ્યુલન્સ સ્થળ પર જઈને પશુચિકિત્સક દ્વારા સારવાર અપાય છે.

સદર યોજનામાં સરકારશ્રીના કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : વીએચડી/૧૨૨૦૧૭/૪૦૭/પી ૧ તા.૦૪/૧૦/૨૦૧૭ માં જણાવ્યા મુજબ અનાથ અને અકસ્માતનો ભોગ બનેલ પશુ-પક્ષીઓની સારવાર તથા ઇમરજંન્સી સારવારનો આ યોજના હેઠળ સમાવેશ કરવાનો થાય છે. કરુણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ દ્વારા સ્થળ પર સારવાર આપવાની રહે છે. અકસ્માતનો ભોગ બનેલ અનાથ પશુ પક્ષીઓને સારવાર આપ્યા બાદ આગળની સારવાર (ફોલો અપ) માટે નજીકની

પાંજરાપોળમાં મુકવાના રહે છે. કેન્દ્ર સરકાર તેમ જ રાજય સરકારના પ્રર્વતમાન કાયદાકાનુનો તથા પ્રાણીકુરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ નો પશુ પક્ષીઓની સારવાર પુરી પાડતી વખતે અમલ કરવાનો રહે છે. વન્ય પ્રાણી પક્ષીઓની સારવાર માટે પ્રવર્તમાન વાઈલ્ડલાઇફ કાયદા કાનુનોનો ચુસ્તપણે અમલ કરવાનો રહે છે.

આમ, ઈમરજન્સી કેસોમાં વન્ય પશુપક્ષીઓ પણ અકસ્માતનો ભોગ બનતાં તેઓની સારવાર સ્થળ પર જઈને આ યોજના હેઠળ આપવાની જોગવાઈ છે. આવા પ્રસંગે સારવાર આપ્યા બાદ આવા વન્ય પશુ-પક્ષીઓને સાચવવા તથા તેની ફોલોઅપ સારવાર કરાવવાની કાર્યવાહી વન અને પર્યાવરણ વિભાગના કાર્યક્ષેત્રની મર્યાદામાં આવતી હોઇ, ઉક્ત ૭ જિલ્લાના જિલ્લા વન સંરક્ષક અધિકારીશ્રી દ્વારા હકારાત્મક સહયોગ અને સહકાર મળી રહે તે હેતુ તેઓશ્રીઓને આપની કક્ષાએથી જરૂરી સુચનાઓ આપવા નમ્ર વિનંતિ તથા તે જિલ્લાના વનચેતના કેન્દ્રો કે જ્યાં વન્ય પ્રાણી પશુ પક્ષીઓને સાચવવા હેતુ મોકલી આપવા માંટે તેના સરનામા આપવા વિનંતી છે.

પશુપાલન નિયામક
ગુજરાત રાજ્ય,ગાંધીનગર

<u>નકલ સવિનય જાણ સારૂ રવાના પ્રતિ,</u>
(૧) ઉપ સચિવશ્રી, (પશુપાલન)
બ્લોક નં.૫/૨ જો માળ, નવા સચિવાલય, ગાંધીનગર
(૨) ચીફ ઓપરેટીંગ ઓફિસર, GVK-EMRI
નરોડા - કઠવાડા રોડ, નરોડા, અમદાવાદ